અપીલ અરજી નં.૩૨૮ તા.૧૯–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકારની જુદીજુદી તારીખોએ વારંવાર અરજી આપવા છતા કામ થતું નથી તે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૧–૧૧ ની અપીલ અરજી નં. **SMC/FAP/** ૩૨૮ / ૨૦૧૦ – ૧૧.

શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર ની જુદીજુદી તારીખો એ વારંવાર અરજી આપવા છતા કામ થતું નથી એ બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજૂ કરવા તથા વધુમાં અરજદારની જુદીજુદી તારીખની અરજીઓ પ્રથમદર્શી તકરાર નિવારણને લગતી જણાય છે જે અંગે જરૂરી કાર્યવાહી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૫૧ તા.૩–૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને કઈ તારીખની આરટીઆઈ હેઠળની કઈ અરજી સામે અપીલ કરી છે તેની વિગત તથા ભરવામાં આવેલ અરજી ફી અંગેની વિગત તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અને નારાજગી કઈ બાબતે છે તે સ્પષ્ટ કરવા તથા વધુમા તેમની અરજીઓ પ્રથમદર્શી તકરાર નિવારણ બાબત અંગેની જણાય છે. જે અંગે લાગત કચેરીના વડાને રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ મહેકમ/આ.નં.૨૧૯૧ તા.૯–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.સાઉથઝોન/એસ્ટા/૧૮૪૪ તા.૯–૧૨–૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ, પત્ર નં.સાઉથઝોન/એસ્ટા/૨૦૨૮ તા.૧૫–૧–૧૧ થી આપેલ માહિતી પત્રની નકલ, પત્ર નં.સાઉથઝોન/એસ્ટા/૨૧૦૧ તા.૨૯–૧–૧૧ થી આપેલ માહિતી પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૦૬૪ તા.૨૩–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારના તા.૧૯–૧–૧૧થી આકારણી ખાતાને લગતી કરેલ અરજીની નકલ, અરજદારની તા.૧૯–૧–૧૧ થી ધ્વારકેશનગર સોસા.ઓમાં ગટર ઉભરાઈ જવા અંગે કરેલ અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી ગોડાદરા પરવત ગામ વિસ્તારમાં ગંદુ પાણી આવે છે જે અંગેની અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી ઉધનાઝોનને લખેલ પત્રની નકલ, તા.૧૭–૧–૧૧ લીંબાયતઝોનના સીકયુરીટી ગાર્ડ હોવા છતાં ગાર્ડનની જાળી એંગલ ચોરાયા અંગેની અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી સાફ સફાઈ માટે આપેલ અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી નીલકંઠ સોસા. પ્લોટ નં.૭૨૫ પાસે સાફ સફાઈ કરવા તથા ગટર કુંડી ઉભરાવા બાબતની અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી પ્લોટ નં.૨૪૪ શ્રીનાથ સોસા. વિભાગ–૨ નીલગીરીના મકાન માટે કેટલી અરજી કરેલ તે બાબતની અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી ઉધનાઝોનમાં પ્રાઈમરી હેલ્થ વર્કર પાસે ટાઈપીસ્ટનું કામ લેવામાં આવે તે બાબતની અરજીની નકલ, તા.૧૭–૧–૧૧ થી મારૂતિનગર હેલ્થ સેન્ટર ખાતે ચાલતુ સીકયુરીટી કૌંભાડ અંગેની અરજીની નકલ, સા.ઈ.ઝોન/ આ.નં.૩૯૧૬ તા.૧૦–૨–૧૧ થી ચીફ સીકયુરીટી ઓફિસરશ્રીને તબદીલ કરેલ અપીલ અરજીની નકલ, ઘ નં.૭૨૫ નીલકંઠ સોસા. ના ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ તે બાબતના પત્રની નકલ, કલ્પાનાનગર સોસા. રામદેવ કિરાણા સ્ટોર્સ સામે માટેના ઢગલાના નિકાલ અંગેના પત્રની નકલ, અપીલ અરજી નં.૩૧૭ ના હુકમની નકલ, નોંધ વિભાગ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૧–૧૧ ની અરજીથી કરવામાં આવેલ અપીલ અરજી અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૬(૧) અને નિયમ–૫ હેઠળ નિયત કરેલ ફી સહિતની અરજી કરવાની રહે છે. તેમજ આવી દરેક અરજી કલમ–૬(૧) હેઠળ સ્વતંત્ર છે. આથી દરેક અરજીની માહિતી સ્વતંત્ર આપવાની રહે છે. આવી અરજી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દિન–૩૦ ની અંદર માહિતી આપવાની જોગવાઈ છે. અન્યથા આવી અરજી કલમ–૬(૩) હેઠળ લાગુ સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને અંશતઃ કે પૂર્ણ તબદીલ કરવાની જોગવાઈ છે. અરજદારને અરજી કર્યાના દિન–૩૦ માં માહિતી ન મળે કે મળ્યા અંગે નારાજગી હોય તો જે તે અરજીના પ્રત્યુત્તર મળ્યાના દિન–૩૦ માં પ્રથમ અપીલ કરવા હકદાર બને છે. અરજદારની તા.૧૯–૧–૧૧ ની અપીલ અરજીમાં અરજદારે ફી ભરેલી કોઈ અરજી અંગે નિર્દિષ્ટ કરેલ નથી પરંતુ સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગોમાં કરેલ ફરીયાદ અરજીઓ બાબતે

વારંવાર આપવા છતાં કામ થતું નથી તેવી રજૂઆત કરેલ. જે બાબતે પક્ષકારોને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૨૫૧ તા.૩–૨–૧૧ થી અપીલ અરજીમાં જણાવેલ વિગતે મુળ અરજીની વિગતો માંગવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની અપીલ અરજીમાં જણાવેલ વિગતે કોઈ પણ ફરીયાદ બાબતે અરજી ફી ભરપાઈ કરી માહિતી માંગેલ નથી.જયારે અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારને અપીલ તબકકે સદર અરજીઓ પ્રથમ દર્શીય રીતે તકરાર નિવારણ અંગેની જણાવેલ છે તે અંગે લાગત કચેરીના વડાને રજૂઆત કરવા જણાવવામાં આવેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારની લીંબાયતઝોનની ડ્રેનેજ અને રોડને લગતી ફરીયાદ તા.૨૧–૨–૧૧ ના રોજ ફરીયાદ અરજીનું નિકાલ કર્યાનું જણાવવામાં આવેલ છે. આમ અરજદારે અત્રે મુળ અરજીની આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ અરજીની ફી ભરપાઈ કરેલ ન હોઈ અપીલ અરજીનું કોઈ કારણ ઉત્પન થતું નથી આથી અપીલ અરજીના ગુણદોષના આધારે નિકાલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧–૧૧ ની અપીલ અરજી સાથે રજૂ કરેલ તા.૧૭–૧–૧૧ અને તા.૧૯–૧–૧૧ ની જુદી જુદી ફરીયાદ અરજીઓ બાબતે આરટીઆઈ એકટની કલમ–૬(૧) અને નિયમ–૫ મુજબ અરજી ફી પરભાઈ કરેલ ન હોઈ ફરીયાદનું કોઈ કારણ ઉત્પન થતું ન હોઈ વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર અપીલ અરજી સાથે રજૂ કરેલ ફરીયાદ અરજીઓ તકરાર નિવારણને લગતી હોઈ તે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર